-૩૯-

સ્વર્ણિમ જયંતી ઉજવણી નિમિતે ગ્રામ
કક્ષાએ પંચાયતોને ઉત્તેજન આપવા માટે
ગ્રામોદય યોજના અને શ્રેષ્ઠ ગ્રામ પંચાયત
સ્પર્ધા તથા પ્રોત્સાહક પુરસ્કાર ફાળવણીના
ધોરણો.માં ડાંગ જિલ્લાનો સમાવેશ
તાલુકા કક્ષાએ કરવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- પરચ-૧૦૨૦૦૯-૫૩૯૨-ચ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૧/૧૧/૨૦૧૧

વંચાણે લીધાઃ- (૧) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૯-૮-૨૦૧૦નો ઠરાવ ક્રમાંકઃ- પરચ-૧૦૨૦૦૯-૫૩૯૨-ચ

(૨) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૪-૧૧-૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃ- પરચ-૧૦૨૦૦૯-૫૩૯૨-ચ

(3) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ડાંગ – આહવાના રજુઆત તા. ૩-૧૧-૨૦૧૧

ઠરાવઃ-

ઉપર ક્રમ (૧) થી વંચાણે લીધેલ આ વિભાગના તા. ૯-૮-૨૦૧૦ના ઠરાવથી સ્વર્ણિમ જયંતી ઉજવણી નિમિતે ગ્રામ કક્ષાએ પંચાયતોને ઉત્તેજન આપવા માટે શ્રેષ્ઠ ગ્રામ પંચાયત સ્પર્ધા યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. જેમાં તાલુકા કક્ષાએ પ્રથમ, દ્વિતિય તેમજ તૃતીય ઇનામ અનુક્રમે ૫.૦૦ લાખ, ૩.૦૦ લાખ તથા ૨.૦૦ લાખ નક્કી કરવામાં આવેલ.

રાજયમાં ડાંગ જિલ્લામાં તાલુકાની સંખ્યા તેમજ જિલ્લાની સંખ્યા એક જ હોવાના કારણે તાલુકમા તાલુકા દીઠ શ્રેષ્ઠ ગ્રામ પંચાયત પસંદગી સ્પર્ધા ડાંગ સિવાય રાખવાનું અગાઉના તા. ૯-૮-૨૦૧૦ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ છે. અને ફકત જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ ગ્રામ પંચાયત પસંદગી સ્પર્ધા રાખવામાં આવેલ. પરંતુ ડાંગ જિલ્લાના ૧૦૦ ટકા આદિજાતિ અને ડુંગરાળ વિસ્તારવાળો વિષમ ભૌગોલિક પરિસ્થિતિ ધરવતા વિસ્તારમાં જિલ્લા કક્ષાની સ્પર્ધા પરિશિષ્ટ-૧માં દર્શાવેલ ૪ માપદંડો ધરાવતા વિસ્તારમાં જિલ્લા કક્ષાની એકપણ પંચાયત નહિ હોવાથી જિલ્લા

કક્ષાએ એકપણ ગ્રામ પંચાયત હરીફાઇમાં આવતી નથી. અને આથી તાલુકા કક્ષાએ હરીફાઇ યોજવા સારૂ ડાંગ તાલુકા પંચાયત કક્ષાએ પણ આ હરીફાઇ યોજવા અને તે પ્રમાણે વનબંધુ કક્ષામાં તાલુકા કક્ષાની સ્પર્ધા અને ઇનામો સારૂ તાલુકા કક્ષાએ પણ સ્પર્ધા યોજવાનું અને ઇનામો માટે પસંદગી કરવાની બાબંત સરકારશ્રીની વિચારણા હેઠળ હતું.

રાજયના અન્ય જિલ્લાઓની જેમ ડાંગ જિલ્લામાં પણ તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ ગ્રામ પંચાયત સ્પર્ધા યોજવાનું ઠરાવવામાં આવે છે. અને તાલુકા કક્ષાના ઇનામો પ્રથમ ઇનામ ૫.૦૦ લાખ, બીજુ ઇનામ રૂ ૩.૦૦ લાખ અને ત્રીજું ઇનામ રૂ. ૨.૦૦ લાખ એમ કુલ રૂ. ૧૦.૦૦ લાખની જોગવાઇની મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમ સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૮-૧૧-૨૦૧૧ની નોંધથી મળેલ સમંતિથી કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

11-11-11

(સી. એમ. રાઠોડ)
ઉપસચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી
- સર્વે માન. મંત્રીશ્રી/રા.ક. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી
- સચિવાલયના સર્વે વિભાગો
- અગ્રસચિવશ્રી(પં.)ના અંગત સચિવશ્રી
- સર્વે અધિકારીશ્રીઓ , પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય , ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રી
- વિભાગની સર્વે શખાઓ.
- સિલેકટ ફાઇલ.